# સંખેશ્વર તીર્થના લેખો.

( ૪૯૭–૫૦૫ ).

આ નવ લેખો સંખેશ્વર તીર્થમાંથી મળી આવ્યા છે.

એમાંનો પ્રથમ લેખ, સંખેશ્વર પાર્શ્વનાથની જે મુખ્ય મૂર્તિ છે તેની આજુબાજુ બે કાયોત્સર્ગસ્થ પ્રતિમાઓ ( કાઉસગિઆઓ ) છે તેમના નીચે કોતરેલો છે.

અમદાવાદ નિવાસી, સા. જયતમાલના પુત્ર પુણ્યપાલે સં. ૧૬૬૬ માં, આ પરિકર કરાવી વિજયદેવસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

આ પછીના ત્રણ લેખો, આજુબાજુની દેવકુલિકાઓમાં આવેલી પ્રતિમાઓ ઉપરથી મળી આવ્યા છે. હકીકત સ્પષ્ટ જ છે. નં. ૫૦૧ થી ૪ સુધીના લેખો, એ જ સંખેશ્વર ગામમાં જૂના મંદિરનાં જે ખંડેરો છે તેમાંથી મળી આવ્યા છે. હાલમાં જે મંદિર છે તે ૧૮ મા કે ૧૯ મા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૈકામાં બંધાવેલું છે. એની પહેલાં, આ લેખોવાળું જ જુનું મંદિર હતું. આ જુનું મંદિર પણ આ લેખો ઉપરથી જણાય છે તેમ ૧૭ મા સૈકામાં બંધાવવામાં આવ્યું હતું. विजयप्रशस्ति काव्य માં જણાવેલું છે કે વિજયસેનસૂરિના ઉપદેશથી સંખેશ્વર પાર્શ્વનાથનું નવું મંદિર બંધાવવામાં આવ્યું હતું. તે નવું મંદિર આજ ખંડેરોવાળું છે. આ મંદિર અવરંગઝેબના જુલ્મી રાજ્યમાં નષ્ટ કરવામાં આવ્યું હોય તેમ જણાય છે અને પછીથી ફરી અત્યારે જે વિદ્યમાન છે તે મંદિર બંધાવવામાં આવ્યું છે. જે ખંડેરોમાંથી આ ૪ લેખો લેવામાં આવ્યા છે તે ખંડેરોમાં મૂલમંદિરનું તો અસ્તિત્વ જ નથી. તે તો જડા મૂળથી ઉખેડી નાંખવામાં આવ્યું હોય તેમ જણાય છે. પરંતુ તેની આજુબાજુની દેવકુલિકાઓ વિગેરેના ખંડેરો હજી જેવી તેવી હાલતમાં ઉભાં છે. એ દેવકુલિકાઓના દરેક દ્વાર ઉપર તેના બંધાવનારનાં નામો કોતરેલાં છે અને તેમાંના જ આ ૪ લેખો મુખ્ય છે.

વિજયસેનસૂરિના ઉપદેશથી જ્યારે આ મંદિર નવીનજ તૈયાર કરવામાં આવ્યું હતું તો તે પહેલાં એ મંદિર કે તીર્થની સ્થાપના કયાં હતી તે કાંઈ જણાયું નથી. કેટલાક લોકો, સંખેશ્વર ગામની બહાર થોડેક છેટે એક હટાઇ ગએલા મકાન જેવો જણાતો માટીનો ઢગ જણાય છે, તેનેજ અસલનું મૂલ મંદિર બતાવે છે. કદાચિત્ એ હકીકત સાચી પણ હોઇ શકે. કારણ કે મુસલમાની સમયમાં આવી રીતે વારંવાર મંદિરોની ભાંગફોડ થતી હતી અને તેના લીધે વારંવાર જગ્યાઓમાં ફેરફાર થતો હતો. એ કારણને લઇને ગામમાં જે જૂના મંદિરનાં ખંડેરો ઉભાં છે તેની પહેલાંનું જૂનું મંદિર જો લોકોના કહેવા પ્રમાણે ગામ બહાર હોય તો તેમાં અસંભવ જેવું નથી.

૫૦૫ નંબરનો લેખ મારવાડી ભાષામાં લખાએલો છે. સંવત્ ૧૮૬૮ માં જયપુર ( મારવાડ )ના સાહ ઉત્તમચંદ વાલચંદે ૫ હજાર રૂપીઆ એ મંદિરના જીર્ણોદ્ધાર અર્થે રાધનપુરવાળા જીવણદાસ ગોડીદાસની મારફત આપ્યા હતા. તે રૂપીઆમાંથી જે જે સમાર કામ વિગેરે કરાવવામાં આવ્યું હતું તેની નોંધ આ લેખમાં આપેલી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લેખ, સંખેશ્વરના મંદિરના દરવાજાના ડાબી બાજુ ઉપર એક પથ્થરમાં કોતરેલો છે.